1. નીચે આપેલ ખાતાઓ પૈકી કયા વ્યક્તિ ખાતાઓ છે ?

1. લેણદાર ખાતુ 2. ગુજરાત સરકાર ખાતુ 3. મુડી ખાતુ

4. ઘાલખાધ ખાતુ 5. પાઘડી ખાતુ 6. મજુરી ચુકવવાની બાકી

(A) 1, 2, 4, 5

(B) 2, 3, 4, 6

(C) 1, 3, 5, 6

(D) 1, 2, 3, 6

(E) Not Attempted

2. સમાસ ઓળખાવો : 'મહાસિદ્ધિ'

(A) દ્વન્દ્વ

(B) કર્મધારય

(C) અવ્યયીભાવ

(D) મધ્યમપદલોપી

(E) Not Attempted

3. Add a question tag :

Music was in his blood, ________

(A) isn't it ?

(B) doesn't it ?

(C) wasn't it ?

(D) hasn't it ?

(E) Not Attempted

4. "ગાંધીવાદી અર્થશાસ્ત્ર" શબ્દ પ્રયોગ સૌથી પહેલાં કોના દ્વારા કરવામાં આવ્યો ?

(A) ટી. એમ. બરુઆ

(B) જે. સી. કુમારપ્પા

(C) બી. ચક્રવર્તી

(D) એમ. એસ. અહલુવાલીયા

(E) Not Attempted

5. નફા નુકશાન ફાળવણી ખાતાની ઉધાર બાજુ કઈ વિગત દર્શાવાય છે ?

(A) ઉપાડ પર વ્યાજ

(B) ચાલુ ખાતાની ઉધાર બાકીનું વ્યાજ

(C) સામાન્ય અનામત ખાતે લઈ જવાની રકમ

(D) ચોખ્ખો નફો

(E) Not Attempted

6. સૂચક આંકની રચનામાં આદર્શ અને યોગ્ય સરેરાશ કિંમત કઈ છે ?

(A) સમાંતર મધ્યક

(B) ભારીત મધ્યક

(C) ગુણોતર મધ્યક

(D) સરળ મધ્યક

(E) Not Attempted

7. PCB નું ફુલ ફોર્મ શું છે ?

(A) Printed Circuit Board

(B) Printed Circuit Breaker

(C) Printed Common Board

(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં

(E) Not Attempted

8. .......... અનુસાર નાણાંકાર્યમાં એકમના ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને નાણાં પ્રાપ્તિ તેમજ નાણાંના કાર્યક્ષમ ઉપયોગનો સમાવેશ થાય છે.

(A) રૂઢિગત અભિગમ

(B) આધુનિક અભિગમ

(C) અહીં દર્શાવેલ બન્ને અભિગમ

(D) અહીં દર્શાવેલ પૈકી એક પણ નહીં

(E) Not Attempted

9. સરપંચ કોઈપણ એક પ્રસંગે કેટલા રૂપિયા સુધીનો આકસ્મિક ખર્ચ કરી શકશે ?

(A) પચાસ
(B) એક સો
(C) બસો
(D) પાંચસો
(E) Not Attempted

10. ઉત્પાદન પ્રક્રિયામાં કયું સૌથી વધુ મહત્વનું પરિબળ ગણાય ?

(A) મુડી
(B) મેન પાવર
(C) સમય
(D) ગ્રાહક
(E) Not Attempted

11. નીચે આપેલ કોડ સામે તેનો યોગ્ય વિકલ્પ દર્શાવો.

| | |
|---|---|
| 1. MICR | a. આ કોડ ચેકમાં નીચે ચેક નંબર પછી છપાતો હોય છે. |
| 2. IFSC | b. બેંક વચ્ચે આંતરરાષ્ટ્રીય ફંડ ટ્રાન્સફર |
| 3. SWIFT | c. એક ખાતામાંથી બીજા ખાતામાં ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર |
| 4. NEFT | d. આ કોડ 11 આંકડાનો છે, જેનો ઉપયોગ ફંડ ટ્રાન્સફર માટે બેંક બ્રાન્ચ નક્કી કરવા માટે થાય છે. |

(A) 1 - a, 2 - d, 3 - b, 4 - c
(B) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(C) 1 - b, 2 - c, 3 - a, 4 - d
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c
(E) Not Attempted

12. નીચેના પૈકી કયુ સુત્ર ખોટું છે ?

(A) નફો = વેચાણ કિંમત – મૂળ કિંમત
(B) ખોટ = મૂળ કિંમત – વેચાણ કિંમત
(C) પડતર કિંમત = મૂળ કિંમત + ખરાજાત
(D) નફો ટકામાં = પડતર કિંમત / નફો × 100
(E) Not Attempted

13. You _______ tired, why _______ you take rest ?

(A) looked, will
(B) look, did
(C) look, don't
(D) looking, can
(E) Not Attempted

14. જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષની નિમણૂક કોણ કરે છે ?

(A) કલેક્ટર
(B) જિલ્લા વિકાસ અધિકારી
(C) સમિતિના સભ્યો
(D) પ્રમુખ
(E) Not Attempted

15. પ્રફુલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા છ વર્ષ પહેલા એક યંત્ર ખરીદવામાં આવેલ હતુ. જે યંત્રની 01/04/2022 ના રોજની ચોપડે કિંમત રૂા. 30000 છે. કંપની 10% ના દરે સીધી લીટીના દરે ઘસારો ગણે છે. તો યંત્રની પડતર કિંમત શોધો.

(A) 65000
(B) 75000
(C) 85000
(D) 95000
(E) Not Attempted

16. નીચેનામાંથી કયું ઋણ સંબંધનું ઉદાહરણ છે ?

(A) વજન - ઉંચાઈ
(B) વેચાણ - નફો
(C) ખર્ચ - બચત
(D) કિંમત - પુરવઠો
(E) Not Attempted

17. છંદ ઓળખાવો : આ મોક્ષથી મોંઘું અને સાકર થકી વધતું ગળ્યું,
તુજ બાણમાં સંપાતથી પંચત્વ આ સમયે મળ્યું.

(A) મંદાક્રાંતા
(B) શાર્દૂલવિક્રીડિત
(C) હરિગીત
(D) હરિણી
(E) Not Attempted

18. બેંક ચાર્જિસનું વાઉચીંગ શેના આધારે કરવામાં આવે છે ?

(A) પે-ઈન-સ્લીપ
(B) ચેક બુક
(C) બેંક સ્ટેટમેન્ટ
(D) રોકડ મેળ
(E) Not Attempted

19. સતત વિકાસ લક્ષ્યાંકો (Sustainable Development Goals) ને હાંસલ કરવા કયા વર્ષનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે ?

(A) 2025
(B) 2030
(C) 2035
(D) 2047
(E) Not Attempted

20. "સવારે ફરવું આવશ્યક છે." વાક્યમાં કૃદંતનો પ્રકાર જણાવો.

(A) વિધ્યર્થ કૃદંત
(B) ભવિષ્ય કૃદંત
(C) ભૂત કૃદંત
(D) વર્તમાન કૃદંત
(E) Not Attempted

21. બેકારીના કુદરતી દરનો ખ્યાલ કોણે આપ્યો ?

(A) ફીલિપ્સ
(B) કેઈન્સ
(C) માર્શલ
(D) પીગુ
(E) Not Attempted

22. ધોળાવીરા ક્યાં આવેલું છે ?

(A) ખદીર બેટ
(B) ભુજ
(C) અલિયાબેટ
(D) છોડબેટ
(E) Not Attempted

23. Windows Operating System માં Task Manager ખોલવા માટે શેનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) Ctrl + F10
(B) Ctrl + Alt + Delete
(C) Ctrl + Shift + Delete
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(E) Not Attempted

24. Tally Erp 9 માં .......... દ્વારા ટીડીએસ કપાત એન્ટ્રી કરી શકાય છે.

(A) જર્નલ વાઉચર
(B) ચુકવણી વાઉચર
(C) રસીદ વાઉચર
(D) ઉપરોક્ત તમામ
(E) Not Attempted

25. 'Amit was puzzled.' Which sentence best express the sense of this sentence ?

(A) 'amit had a problem.'
(B) 'Amit was very sad.'
(C) 'Amit was scared.'
(D) 'Amit was confused.'
(E) Not Attempted

26. "બોલો કીર્તિદેવજી ! શું કામ છે ?" વાક્યમાં કયો નિપાત છે ?

(A) ભારવાચક
(B) સીમાવાચક
(C) વિનયવાચક
(D) અનુમતિદર્શક
(E) Not Attempted

27. I had been a _______ as I loved _______ away from school in my childhood.

(A) scholar, stay
(B) trauma, lived
(C) truant, staying
(D) topper, stayed
(E) Not Attempted

28. A Zebra _______ white and black _______.

(A) is, strokes
(B) have, dots
(C) has, stripes
(D) are, spots
(E) Not Attempted

29. નિરપેક્ષ ખર્ચ લાભનો સિધ્ધાંત કયા અર્થશાસ્ત્રીએ આપ્યો હતો ?

(A) ડેવિડ રીકાર્ડો
(B) હેબલર
(C) ઓહલિન
(D) એડમ સ્મિથ
(E) Not Attempted

30. બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે કેટલી રકમની લોન ઓછા વ્યાજે આપવામાં આવે છે ?

(A) રૂ. 10 લાખ
(B) રૂ. 15 લાખ
(C) રૂ. 20 લાખ
(D) રૂ. 25 લાખ
(E) Not Attempted

31. "શિકારી હરણને આંબી જશે." વાક્યનો પ્રકાર જણાવો.

(A) વિધ્યર્થ વાક્ય
(B) સંભાવનાર્થ વાક્ય
(C) વિધાન વાક્ય
(D) નિષેધાર્થ વાક્ય
(E) Not Attempted

32. કિંમત ભેદભાવ .......... બજારમાં અસ્તિત્વ ધરાવે છે.

(A) ઈજારો.
(B) દ્વી હસ્તક ઈજારો
(C) અલ્પ હસ્તક ઈજારો
(D) ઊભય પક્ષી ઈજારો
(E) Not Attempted

33. યોગ્ય રીતે જોડો :

| | |
|---|---|
| a. નૈવેદ્ય | 1. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ |
| b. ઉઘાડ | 2. રમણલાલ વ. દેસાઈ |
| c. પૂર્વાપર | 3. પ્રજારામ રાવળ |
| d. ગ્રામલક્ષ્મી | 4. ધીરુ પરીખ |

(A) a - 2, b - 3, c - 4, d - 1
(B) a - 1, b - 3, c - 2, d - 4
(C) a - 3, b - 4, c - 1, d - 2
(D) a - 4, b - 1, c - 2, d - 3
(E) Not Attempted

34. ભાગીદારીનું પુનર્ગઠન વખતે અનામત ભંડોળની રકમ કયા ખાતે જમા થા છે ?

(A) ભાગીદારના મુડી/ચાલુ ખાતે
(B) નફા-નુકશાન ખાતે
(C) પુનઃ મુલ્યાંકન ખાતે
(D) નફા-નુકશાન ફાળવણી ખાતે
(E) Not Attempted

35. રીઝર્વ બેંક દ્વારા ફુગાવાના સમયે રેપોરેટમાં .......... તથા મંદીના સમયે રેપોરેટમાં .......... કરવામાં આવે છે.

(A) વધારો, ઘટાડો
(B) ઘટાડો, વધારો
(C) વધારો, વધારો
(D) ઘટાડો, ઘટાડો
(E) Not Attempted

36. એક સાંકેતીક ભાષામાં "ROAD" ને જો "WTFL" તરીકે દર્શાવાય તો તેમાં "GJFY" ને કેવી રીતે દર્શાવાય ?

(A) REAP
(B) TAKE
(C) BEAT
(D) LATE
(E) Not Attempted

37. આવકની અસમાનતા જાણવા માટે શું વધુ ઉપયોગી છે ?

(A) લઘુત્તમ વેતન કાયદો
(B) સાધનલક્ષી વહેંચણીનો ખ્યાલ
(C) વસ્તુઓના ભાવોનું નિર્ધારણ
(D) વ્યક્તિલક્ષી વહેંચણીનો ખ્યાલ
(E) Not Attempted

38. હૃદય બંધ પડી જવાને કારણે અવસાન પામનારની સંભાવના 0.45 છે અને કેન્સરને કારણે અવસાન પામનારની સંભાવના 0.22 છે.

ઉપરની માહિતી સંદર્ભે નીચે આપેલ કયા વાક્ય / વાક્યો સાચા છે ?

1. હૃદય બંધ પડી જવાથી અથવા કેન્સરને કારણે અવસાન પામનારની સંભાવના 0.67 છે.

2. અન્ય કારણોસર અવસાન પામનારની સંભાવના 0.55 છે.

(A) ફક્ત 1 સાચું છે.
(B) ફક્ત 2 સાચું છે.
(C) 1 અને 2 સાચા છે.
(D) 1 અને 2 પૈકી એકપણ સાચું નથી.
(E) Not Attempted

39. 'Rajan always defends his friends.' can be transformed as _______.

(A) Rajan has to defend his friends.
(B) Rajan's friends are always defended by people.
(C) His friends are always defended by Rajan.
(D) Rajan's friends are defended by them.
(E) Not Attempted

40. નીચેનામાંથી કઈ કૃતિ 'ચંદ્રકાંત બક્ષી' રચિત નથી ?

(A) પેરેલિસિસ
(B) આકાર
(C) મહાપ્રસ્થાન
(D) વાતાયન
(E) Not Attempted

41. આદર્શ ચાલુ ગુણોત્તર .......... છે.

(A) 1:1
(B) 2:1
(C) 1:2
(D) 2:3
(E) Not Attempted

42. Rewrite this sentence in indirect speech :

"You need to work very hard." said the teacher to her.

(A) The teacher told her that she needed to work very hard.
(B) The teacher told that she need to work very hard.
(C) The teacher ordered her to work very hard.
(D) She needs to work very hard, said the teacher.
(E) Not Attempted

43. ભારતીય બંધારણના મૂળભૂત ઉદ્દેશો અને હેતુઓનો સમાવેશ ક્યાં કરેલ છે ?

(A) ભાગ-1
(B) ભાગ-2
(C) આમુખ
(D) અનુસૂચિ
(E) Not Attempted

44. જે માહિતિ સંચાર ધંધાના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે વ્યવસ્થાતંત્રના નિતિ-નિયમો ઉપર આધારિત હોય તે .......... કહેવાય.

(A) વૈધિક માહિતિસંચાર
(B) અવૈધિક માહિતિ સંચાર
(C) માહિતિ પ્રેષણ
(D) પત્રાચાર
(E) Not Attempted

45. રોકાણોના વેચાણની ઉપજનું વાઉચીંગ કરવા માટે નીચેના પૈકી ક્યુ યોગ્ય વાઉચર નથી ?

(A) રોકાણના વેચાણની રસીદ
(B) બેંક પાસબુક
(C) રોકાણની વેચાણ ચિઠ્ઠી કે દલાલની ચિઠ્ઠી
(D) વેચાણનું ભરતિયુ
(E) Not Attempted

46. જિલ્લા વિકાસ ફંડની રચના પંચાયત એક્ટ હેઠળ કરવામાં આવે છે. જેમાં નીચેના પૈકી શેનો સમાવેશ થાય છે ?

(A) ગ્રામ પંચાયતો દ્વારા કલમ 115 હેઠળ આપવામાં આવેલ ફાળો
(B) રાજ્ય સરકાર તરફથી પંચાયતોના વિકાસ માટે આપવામાં આવતી ગ્રાંટ
(C) વિકાસ કમિશ્નર તરફથી આપવામાં આવતો ફાળો .
(D) તાલુકા પંચાયત તરફથી જિલ્લા પંચાયતને ચુકવાતો ફાળો
(E) Not Attempted

47. ત્રણ મુખવાળા શિવનું પ્રસિધ્ધ શિલ્પ કઈ ગુફામાં છે ?

(A) એલિફન્ટા
(B) બૌધ્ધ ગુફા
(C) ખાપરા-કોઢીયા
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

48. આગથી માલ બળી જાય અને વિમા કંપની પુરેપુરો દાવો મંજુર કરે તો, વાર્ષિક હિસાબોમાં તેની કયાં અસર થાય ?

(A) ફક્ત વેપાર ખાતામાં જમા બાજુ

(B) વેપાર ખાતામાં ઉધાર બાજુ (ખરીદીમાંથી બાદ) અને નફા નુકશાન ખાતામાં ઉધાર બાજુ

(C) વેપાર ખાતામાં ઉધાર બાજુ (ખરીદીમાંથી બાદ) અને પાકા સરવૈયામાં મિલ્કત લેણાં બાજુ

(D) વેપાર ખાતામાં જમા બાજુ, નફા નુકશાન ખાતામાં ઉધાર બાજુ અને મિલ્કત લેણાં બાજુ

(E) Not Attempted

49. ગુજરાત પંચાયત અધિનિયમ, 1993 રાજ્ય સરકારના કયા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ છે ?

(A) કાયદા વિભાગ

(B) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ્ય વિકાસ વિભાગ

(C) સામાન્ય વહીવટી વિભાગ

(D) વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ

(E) Not Attempted

50. આવકવેરા દરો નીચે આપેલ પૈકી કોના દ્વારા નક્કી થાય છે ?

(A) વાર્ષિક નાણાંકીય કાયદા
(B) નાણાંકીય પંચ
(C) આવકવેરાના કાયદા
(D) નાણાં મંત્રાલય
(E) Not Attempted

51. સરસ્વતી સાધના યોજના હેઠળ શું આપવામાં આવે છે ?

(A) સાયકલ
(B) ગણવેશ
(C) સાધનોની કીટ
(D) બોંડ
(E) Not Attempted

52. ......... આખરના તૈયાર માલના સ્ટોકનું મુલ્યાંકન "પડતર અથવા બજાર કિંમત બે પૈકી જે ઓછી કિંમતે" કરવામાં આવે છે.

(A) રોકડ પ્રવાહ પત્રકમાં
(B) નાણાંકીય પત્રકમાં
(C) કાચા સરવૈયામાં
(D) પડતર પત્રકમાં
(E) Not Attempted

53. નાણાનું મુલ્ય અને ભાવ સપાટી વચ્ચે .......... સંબંધ હોય છે.

(A) ઋણ
(B) ધન
(C) ધન અને ઋણ
(D) ધન અને શુન્ય
(E) Not Attempted

54. BISAG નું ફુલ ફોર્મ શું છે ?

(A) Bhaskaracharya Institute of Satistical Agency Gandhinagar

(B) Bhaskaracharya Institute for Space Applications and Geo-Informatics

(C) Bharat Institute of Statistics And Geo-Informatics

(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં

(E) Not Attempted

55. પંચાયતોના હિસાબ નિભાવવા સંદર્ભે ભારત સરકાર દ્વાર કયું સોફ્ટવેર વિકસાવ્યું છે ?

(A) IFMS
(B) PRIASoft
(C) SATHI
(D) IWDMS
(E) Not Attempted

56. યુદ્ધની અવસ્થા પર થતી અસરોમાં નીચેના પૈકી શેનો સમાવેશ થાય છે ?

(A) ફુગાવો
(B) જાહેર દેવા અને કરવેરામાં વધારો
(C) GDPમાં ઘટાડો
(D) અહીં દર્શાવેલ તમામ
(E) Not Attempted

57. Keep _______, they are discussing _______ a serious issue.

(A) quit, quite
(B) quite, quit
(C) quiet, quite
(D) quite, quiet
(E) Not Attempted

58. માર્શલના મત મુજબ ભાવ નિર્ધારણની પ્રક્રીયામાં ......

(A) માત્ર માંગ નિર્ણાયક ભાગ ભજવે છે.
(B) માત્ર પુરવઠો નિર્ણાયક ભાગ ભજવે છે.
(C) માંગ અને પુરવઠો બંને નિર્ણાયક ભાગ ભજવે છે.
(D) વસ્તુની કિંમત નિર્ણાયક ભાગ ભજવે છે.
(E) Not Attempted

59. 'તેઓ તો સત્ જન છે' – અધોરેખિત પદોની સંધિ કરો.

(A) સદજન
(B) સતજન્ન
(C) સત્જન
(D) સજ્જન
(E) Not Attempted

60. 10 અવલોકનોનો મધ્યસ્થ 14 છે. જો દરેક અવલોકન બમણું થાય તો મળતા અવલોકનોનો મધ્યસ્થ કેટલો હશે ?

(A) 10
(B) 7
(C) 14
(D) 28
(E) Not Attempted

61. "હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ, કલેજા ચીરતી કંપાવતી અમ ભયકથાઓ, મરેલાંના રૂધિરને જીવતાના આંસુડાઓ., સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુઓ"

ઉપરોક્ત કાવ્યપંક્તિના કવિ કોણ છે ?

(A) ઉમાશંકર જોશી
(B) અરદેશર ખબરદાર
(C) સુન્દરમ્
(D) ઝવેરચંદ મેઘાણી
(E) Not Attempted

62. પંચાયત ધારાની કલમ 266 મુજબ પંચાયતો માટેની રાજ્ય કાઉન્સિલના અધ્યક્ષ કોણ હોય છે ?

(A) પંચાયત વિભાગના સચિવ
(B) વિકાસ કમિશનર
(C) પંચાયત તંત્ર સંભાળનાર રાજ્ય મંત્રી
(D) મુખ્યમંત્રી
(E) Not Attempted

63. રોકડ પ્રવાહિતા પત્રક સંદર્ભે નીચેના પૈકી કયું હિસાબી ધોરણ નક્કી કરવામાં આવેલ છે ?

(A) Ind. A.S. 2
(B) Ind. A.S. 7
(C) Ind. A.S. 12
(D) Ind. A.S. 17
(E) Not Attempted

64. Children _______ now without making _______ noise.

(A) reading, some
(B) are reading, any
(C) will read, many
(D) should read, few
(E) Not Attempted

65. નીચે આપેલ સંસ્થા સામે તેની સાથે સંકળાયેલ વ્યક્તિને જોડો.

| | |
|---|---|
| 1. IRDA | a. શક્તિકાંત દાસ |
| 2. RBI | b. એન. કે. સિંઘ |
| 3. SEBI | c. દેવાશીષ પાંડા |
| 4. Finance Commission | d. માધબી પુરી બુચ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - c, 2 - a, 3 - b, 4 - d
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - d, 2 - c, 3 - a, 4 - b
(E) Not Attempted

66. 'અકરાંતિયુ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો.

(A) સાંસારિક
(B) મિતાહારી
(C) અજોડ
(D) અર્વાચીન
(E) Not Attempted

67. 'માણસાઈના દીવા' પુસ્તક કોનું છે ?

(A) ઝવેરચંદ મેઘાણી
(B) રવિશંકર મહારાજ
(C) બકુલેશ
(D) સુંદરમ્
(E) Not Attempted

68. નીચે આપેલા શબ્દો જોઈને એ બતાવો કે તે ત્રણેય માટે કયા વિકલ્પમાં સૌથી વધારે યોગ્ય વર્ણન કરવામાં આવ્યું છે ?

ચેઈન, લીન્ક, પુલ

(A) આ બધાને હૂક હોય છે.
(B) તે ઘરેણા સાથે સંકળાયેલ છે.
(C) તે બે ભાગને જોડે છે.
(D) તે જેલ સાથે સંકળાયેલ છે.
(E) Not Attempted

69. નીચેનામાંથી કયું 'પરિમાણવાચક વિશેષણ' નથી ?

(A) આટલું
(B) જરા
(C) તીખું
(D) આવડું
(E) Not Attempted

70. COVID-19 એ એક .......... જન્ય રોગ છે.

(A) ચામાચીડીયા
(B) વાઈરસ
(C) બેક્ટેરીયા
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

71. કક્કાવારીના ક્રમ અનુસાર નીચેનામાંથી કયા યોગ્ય ક્રમમાં ગોઠવાયેલા છે ?

(A) કચવાટ, કચાશ, કચેરી
(B) કચાશ, કચેરી, કચવાટ
(C) કચેરી, કચવાટ, કચાશ
(D) કચવાટ, કચેરી, કચાશ
(E) Not Attempted

72. ચાલુ મિલ્કતોનો સરવાળો એટલે .....

(A) કુલ કાયમી મુડી
(B) કુલ કાર્યશીલ મુડી
(C) ચોખ્ખી કાયમી મુડી
(D) ચોખ્ખી કાર્યશીલ મુડી
(E) Not Attempted

73. "Do you want to buy a basket?" She asked me. The indirect speech of this sentence is _______

(A) She asked if I want to buy a basket.
(B) She asked me whether I wanted to buy a basket.
(C) She asked me if I wanted the basket.
(D) She advised me to buy a basket.
(E) Not Attempted

74. બજારીય સંચાલનમાં માર્કેટીંગ મિશ્ર એટલે શું ?

(A) પેદાશ, ઉત્પાદન, વિતરણ અને કિંમત
(B) પેદાશ, વાહનવ્યવહાર, બજાર અને ગ્રાહક
(C) પેદાશ, કિંમત, અભિવૃદ્ધિ અને વિતરણ
(D) પેદાશ, હરીફો, સરકાર અને અન્ય
(E) Not Attempted

75. _______ of the two girls _______ the match yesterday ?

(A) Who, wins
(B) Which, won
(C) Whom, win
(D) Either, or
(E) Not Attempted

76. સંપત્તિના મહત્તમીકરણની ટીકામાં નીચેના પૈકી શેનો સમાવેશ થાય છે ?

(A) સામાજિક જવાબદારી
(B) સાધનોની યોગ્ય વહેંચણી
(C) ભવિષ્યના જોખમો અનિશ્ચિત
(D) અહીં દર્શાવેલ ત્રણપૈકી એક પણ નહીં
(E) Not Attempted

77. Choose the word opposite in meaning to the word 'Advance'.

(A) Progress
(B) Rubbish
(C) Retreat
(D) Payment
(E) Not Attempted

78. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(A) અપ્રત્યક્ષ તપાસ દ્વારા મળતી માહિતી ભરોસાપાત્ર ન હોઈ શકે.
(B) ઈમેલ દ્વારા મળતી માહિતી પ્રત્યેક તપાસ દ્વારા મળતી માહિતી કહેવાય.
(C) પ્રત્યક્ષ તપાસ દ્વારા મળતી માહિતી ચોકસાઈ ભરેલી ન પણ હોય.
(D) પ્રત્યક્ષ તપાસ દ્વારા મળતી માહિતી વધારે ચોકસાઈ ભરેલી હોઈ શકે.
(E) Not Attempted

79. કવિ મણિશંકર ભટ્ટ 'કાન્ત'ના કાવ્યસંગ્રહનું નામ જણાવો.

(A) અંગત
(B) સાગર અને શશી
(C) ઉપહાર
(D) પૂર્વાલાપ
(E) Not Attempted

80. Internet Escrow નીચેનામાંથી શેની સાથે સુસંગત છે ?

(A) સોફ્ટવેર ડેવલપમેન્ટ
(B) ડેટાબેઝ મેનેજમેન્ટ
(C) ઈ-કોમર્સ
(D) પ્રાઈવસી સીક્યુરીટી
(E) Not Attempted

81. ખજુરાહો અને પુરી મંદિર જેવા ભવ્ય સ્થાપત્યો કયા યુગમાં બંધાયા હતા ?

(A) મુઘલ યુગ
(B) રાજપૂત યુગ
(C) લોદી યુગ
(D) ઘોરી યુગ
(E) Not Attempted

82. મોસમી ઘટકને કારણે સામયિક ચલમાં કયાં પ્રકારના ફેરફારો થાય છે ?

(A) દીર્ઘકાલીન
(B) અનિયમિત
(C) નિયમિત
(D) શુન્ય પ્રમાણમાં
(E) Not Attempted

83. નિયંત્રક મહાલેખા પરીક્ષકની ફરજો અને સત્તાની જોગવાઈ બંધારણની કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ 146
(B) કલમ 159
(C) કલમ 149
(D) કલમ 124
(E) Not Attempted

84. દરેક સહકારી મંડળીઓના ઓડીટ કરાવવાની જવાબદારી કોની છે ?

(A) જે તે સહકારી મંડળીની
(B) રજિસ્ટ્રારશ્રીની
(C) સંબંધિત ઓડીટરની
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

85. A _______ is one _______ lays down his/her life for a noble cause.

(A) martial, what
(B) martyr, who
(C) matrix, whom
(D) soldier, whose
(E) Not Attempted

86. જો બુલેટ ટ્રેન 90 m/s સ્પીડથી દોડે તો તેની સ્પીડ નીચેનામાંથી કઈ હશે ?

(A) 424 km/h
(B) 354 km/h
(C) 324 km/h
(D) 300 km/h
(E) Not Attempted

87. કંપનીના પાકા સરવૈયામાં ફુટનોટ તરીકે સંભવિત દેવુ દર્શાવવામાં આવે છે. આ ફુટનોટ પણ હિસાબી અહેવાલનો ભાગ જ ગણાય છે. એવુ શાના આધારે કહી શકાય ?

(A) હિસાબી મુદતની પ્રણાલિકા અનુસાર
(B) પુર્ણ રજુઆતની પ્રણાલિકા અનુસાર
(C) મહત્ત્વતા અનુસાર
(D) અસરના ખ્યાલ અનુસાર
(E) Not Attempted

88. જાહેર ક્ષેત્રના એકમો પોતાની મુડીનો કેટલાક ભાગ જાહેર જનતાને ખરીદવા માટે ઓફર કરે તેને શું કહેવામાં આવે છે ?

(A) મુડીકરણ

(B) મુડી સંયોજન

(C) મુડી - વિનિવેશ

(D) મુડી જોડાણ

(E) Not Attempted

89. એક વસ્તુ બે ભાગ "A" અને "B" થી બનેલી છે. ભાગ "A" ખામીવાળો હોવાની સંભાવના P(A) = 0.05 અને ભાગ "B" ખામીવાળો હોવાની સંભાવના P(B) = 0.07 છે. તે વસ્તુ ખામી રહિત હોવાની સંભાવના શોધો.

(A) 1

(B) 0.8935

(C) 0.8835

(D) માહીતી અધુરી હોય જવાબ આપી શકાય નહિ

(E) Not Attempted

90. કાશ્મીરી હિન્દુઓ (કાશ્મીરી પંડિતો) દ્વારા ઉજવવામાં આવતા નવા વર્ષના પહેલા દિવસને કયો તહેવાર કહેવામાં આવે છે ?

(A) પોંગલ

(B) નવરોજ

(C) નવરેહ

(D) ગુડીપડવો

(E) Not Attempted

91. રૂપિયા 50,000 ની રકમ ત્રણ વર્ષ રોકાણ કરવા માટે નીચેના આપેલ રોકાણ વિકલ્પ પૈકી કયો સૌથી વધુ ફાયદાકારક રહે ?

(A) 8% વાર્ષિક સાદુ વ્યાજ

(B) 7.6% વાર્ષિક ચક્રવૃધ્ધિ વ્યાજ

(C) 7.5% છ માસિક ચક્રવૃધ્ધિ વ્યાજ

(D) 6% માસિક ચક્રવૃધ્ધિ વ્યાજ

(E) Not Attempted

92. પાક માટેના ધિરાણ (crop loan)ની વસુલાત માટે અનુસરવાની કાર્યપધ્ધતિ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, 1961 ની કઈ કલમમાં દર્શાવેલ છે ?

(A) કલમ - 103

(B) કલમ - 106

(C) કલમ - 110

(D) કલમ - 91

(E) Not Attempted

93. Meera _______ a butterfly that _______ in the park.

(A) caught, flying

(B) catched, flown

(C) catching, fly

(D) caught, was flying

(E) Not Attempted

94. રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા ઝવેરચંદ મેઘાણીની .......... મી જન્મ જયંતિને 'કસુંબીનો રંગ' કાર્યક્રમ દ્વારા સમગ્ર ગુજરાતમાં ઊજવણી કરાઈ.

(A) 100

(B) 125

(C) 150

(D) 75

(E) Not Attempted

95. ગુજરાત પંચાયત અધિનિયમ-1993 (વખતો વખત સુધાર્યા મુજબ)ની છેલ્લી કલમ કઈ છે ?

(A) કલમ-278

(B) કલમ-278AA

(C) કલમ-279

(D) કલમ-280

(E) Not Attempted

96. અલંકાર ઓળખાવો : નરેન એટલે નરેન.

(A) વ્યતિરેક
(B) કર્મધારય
(C) અનન્વય
(D) ઉત્પ્રેક્ષા
(E) Not Attempted

97. સમાસ ઓળખાવો : 'ધર્મનિષ્ઠા'

(A) તત્પુરુષ
(B) દ્વન્દ્વ
(C) ઉપપદ
(D) દ્વિગુ
(E) Not Attempted

98. બિન વેપારી સંસ્થાને મળેલ દાન કે સખાવત કયા પ્રકારની આવક છે ?

(A) મહેસુલી આવક
(B) મુડી આવક
(C) મહેસુલી આવક અને મુડી આવક બંને
(D) મહેસુલી આવક અને મુડી આવક બંને પૈકી એકપણ નહીં
(E) Not Attempted

99. અંગ્રેજીમાંથી ગુજરાતીમાં આવેલા આ શબ્દોમાંથી કયા શબ્દની જોડણી અયોગ્ય છે ?

(A) કમિશ્નર
(B) કમિશન
(C) ટિફિન
(D) મ્યુનિસિપાલિટી
(E) Not Attempted

100. એક વેપારી પેઢીમાં બેંક સિલક રૂા. 48000, ચુકવવાપાત્ર લોન રૂા. 33000, ફર્નીચર રૂા. 21000, મુડી રૂા. 77000, રોકાણો રૂા. 50000, લેણદારો રૂા. 30000 હોય તો દેવાદારોનું મુલ્ય શોધો.

(A) 21000
(B) 41000
(C) 31000
(D) 26000
(E) Not Attempted

101. ભારત સરકારના નવા ઈન્ફર્મેશન ટેકનોલોજી (ઈન્ટરમીડીયેટરી ગાઈડલાઈન્સ એન્ડ ડીજીટલ મીડીયા એથીક્સ કોડ) નિયમો 2021 મુજબ સોશીયલ મીડીયા અને ઓટીટી પ્લેટફોર્મ ચલાવતી કંપનીઓ દ્વારા ગ્રાહકોના ફરિયાદના નિવારણ માટે ...... ની નીમણૂક કરવી ફરજીયાત છે.

(A) ગવર્મેન્ટ રીડ્રેસલ ઓફીસર
(B) ગ્રેવીયન્સ ઓફીસર
(C) ઈન્કવાયરી ઓફીસર
(D) વેલફર ઓફીસર
(E) Not Attempted

102. _______ you _______ the meeting last week ?

(A) Did, attacked
(B) Would, attend
(C) will, attended
(D) Did, attend
(E) Not Attempted

103. વર્ષ 2032 માં ઓલિમ્પિક રમતોત્સવ કયા દેશમાં યોજાનાર છે ?

(A) ઈંગ્લેન્ડ
(B) ઈટાલી
(C) ફ્રાન્સ
(D) ઓસ્ટ્રેલિયા
(E) Not Attempted

104. તા. 12-3-22 ના રોજ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડીયમ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કેટલામો ખેલ મહાકુંભ ખુલ્લો મૂક્યો ?

(A) નવમો
(B) દસમો
(C) અગીયારમો
(D) બારમો
(E) Not Attempted

105. પંચાયત દ્વારા અગાઉ નાખેલ કોઈ કર અથવા ફી નાબુદ કરવા અથવા તેમાં ફેરફાર કરવા અંગેની જોગવાઈ પંચાયત ધારાની કઈ કલમમાં આપેલ છે ?

(A) કલમ 213
(B) કલમ 214
(C) કલમ 215
(D) કલમ 215
(E) Not Attempted

106. A synonym of the word 'Suitable' is _______.

(A) inclusive
(B) decided
(C) true
(D) appropriate
(E) Not Attempted

107. A meaning of the word 'disappear' is _______.

(A) afraid
(B) ashamed
(C) vanish
(D) gain
(E) Not Attempted

108. 'નિર્વાણ' માટે સમાનાર્થી શબ્દ આપો.

(A) મૃત
(B) મોક્ષ
(C) નશ્વર
(D) શાશ્વત
(E) Not Attempted

109. હિસાબી ચોપડાની નોંધના સંબંધમાં દસ્તાવેજી પુરાવા સાથેની તપાસ એટલે શું ?

(A) ખતવણી
(B) આંતરીક અંકુશ
(C) વાઉચિંગ
(D) પ્રાયોગિક તપાસ
(E) Not Attempted

110. 'ટકાનું ત્રણ શેર' – રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) અપમાન સહન કરવું
(B) તદ્દન સસ્તું
(C) બહુ મોંઘું
(D) ચિંતા થવી
(E) Not Attempted

111. આંતરરાષ્ટ્રીય વ્યાપારને સૌથી વધુ અસર કરતું પરિબળ કયું છે ?

(A) વસ્તુની માંગ
(B) વસ્તુની ગુણવત્તા
(C) વસ્તુનો પુરવઠો
(D) ઉત્પાદન ખર્ચ
(E) Not Attempted

112. આંકડાશાસ્ત્રીય ગુણવત્તા નિયંત્રણ એ .......... નો ભાગ છે.

(A) આંકડાશાસ્ત્રીય ઉત્પાદન નિયંત્રણોનો
(B) આંકડાશાસ્ત્રીય નિવારણ અને અંકુશનો
(C) આંકડાશાસ્ત્રીય કિંમત નિયંત્રણનો
(D) આંકડાશાસ્ત્રીય પ્રક્રિયા નિયંત્રણનો
(E) Not Attempted

113. Water _______ to be blue as it _______ the sky.

(A) appears, reflects
(B) is supposed, appears
(C) was made, reflection
(D) seems, appears
(E) Not Attempted

114. પોચમપલ્લી સિલ્ક સાડી કયા રાજ્યની ઓળખ છે ?

(A) કર્ણાટક
(B) તેલંગાણા
(C) તમિલનાડુ
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

115. Change the degree; She sang better than he.

(A) She could not sing like him.
(B) He did not sing so good as her.
(C) He did not sing so well as she.
(D) He sings better than she.
(E) Not Attempted

116. એક વ્યક્તિ પોતાની પત્નીથી 3 વર્ષ મોટો છે અને પોતાના પુત્રની ઉંમરથી ચાર ગણી ઉંમર ધરાવે છે. જો ત્રણ વર્ષ પછી પુત્રની ઉંમર 15 વર્ષ થઈ જવાની હોય તો તે સમયે પત્નીની ઉંમર કેટલી થઈ જશે ?

(A) 45 વર્ષ
(B) 51 વર્ષ
(C) 48 વર્ષ
(D) 60 વર્ષ
(E) Not Attempted

117. આવશ્યકતાઓ + ઈચ્છા = .......... + ખરીદ શક્તિ = ..........

(A) જરૂરિયાત, માંગ
(B) ખરીદી, માંગ
(C) માંગ, ખરીદી
(D) જરૂરિયાત, વેચાણ
(E) Not Attempted

118. એક લાખથી વધુ ન હોય તેટલી વસ્તીવાળા તાલુકાની તાલુકા પંચાયત 16 સભ્યોની બનશે અને તાલુકા પંચાયતની બાબતમાં તાલુકાની વસ્તી એક લાખ કરતા વધારે હોય ત્યારે એક લાખથી વધુ હોય તેવા દરેક .......... અથવા તેના ભાગ માટે સદરહુ 16 ની સંખ્યામાં બેનો વધારો કરવો જોઈશે. ઉપરની ખાલી જગ્યા માટે સાચો વિકલ્પ દર્શાવો.

(A) એક લાખ
(B) પંચોતેર હજાર
(C) પચાસ હજાર
(D) પચીસ હજાર
(E) Not Attempted

119. કમ્પ્યુટર વિજ્ઞાન સંદર્ભે CNC નું ફુલ ફોર્મ નીચેના પૈકી કયું છે ?

(A) Computer Network Control
(B) Computer Network Class
(C) Computer Numerical Control
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

120. કાર્યક્ષમતા ઓડીટ કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
(B) કોસ્ટ એકાઉન્ટન્ટ
(C) CEO
(D) તકનીકી નિષ્ણાંત વ્યક્તિ
(E) Not Attempted

121. જો પ્રમાણિત વિતરણનો મધ્યક 50 હોય તો તેનો બહુલક કેટલો ?

(A) 30
(B) 50
(C) 60
(D) 100
(E) Not Attempted

122. જિલ્લા પંચાયતમાં હોદ્દાની રૂએ સેક્રેટરી તરીકે કોણ ફરજ બજાવે છે ?

(A) તલાટી
(B) નાયબ જિલ્લા વિકાસ અધિકારી
(C) જિલ્લા વિકાસ અધિકારી
(D) પંચાયતના સભ્યો પૈકી જેની નિમણૂંક થાય તે
(E) Not Attempted

123. એક પેઢીના વાર્ષિક હિસાબમાં સ્ટોક તરીકે રૂા. 25000 હવાલા નોંધમાં આપેલ છે. તો આની બે અસરો નીચે પૈકી કઈ રીતે કરવામાં આવશે ?

(A) વેપાર ખાતાની જમા બાજુ રૂા. 25000 અને પાકા સરવૈયામાં મિલ્કત લેણા બાજુ મિલ્કત તરીકે રૂા. 25000
(B) વેપાર ખાતાની ઉધાર બાજુ રૂા. 25000 અને પાકા સરવૈયામાં મિલ્કત લેણા બાજુ મિલ્કત તરીકે રૂા. 25000
(C) નફા નુકશાન ખાતાની જમા બાજુ રૂા. 25000 અને પાકા સરવૈયામાં મુડી દેવા બાજુ મિલ્કત તરીકે રૂા. 25000
(D) નફા નુકશાન ખાતાની ઉધાર બાજુ રૂા. 25000 અને પાકા સરવૈયામાં મિલ્કત લેણા બાજુ મિલ્કત તરીકે રૂા. 25000
(E) Not Attempted

124. નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. 1 એ અવિભાજ્ય કે વિભાજ્ય સંખ્યા નથી.
2. બે વ્યસ્ત સંખ્યાઓનો ગુણાકાર હંમેશા 1 થાય.
3. શુન્યનો કોઈપણ સંખ્યા સાથે ગુણાકાર કરતા જવાબ હંમેશા શુન્ય જ મળે.
4. બે કે તેથી વધુ અવિભાજ્ય સંખ્યાઓનો લ.સા.અ. તેમના સરવાળા જેટલો થાય.

(A) 1, 2, 3, 4
(B) 1, 3, 4
(C) 2, 3, 4
(D) 1, 2, 3
(E) Not Attempted

125. "ગ્રામસભા" વિશે કયું વિધાન સાચું નથી ?

(A) તે પંચાયત કક્ષાના વિસ્તારની અંદર સમાવિષ્ટ ગામની મતદાર યાદીમાં નોંધાયેલ વ્યક્તિઓનો સમાવેશ કરતી સંસ્થા છે.
(B) તે પંચાયતના વિસ્તારના તમામ નોંધાયેલા મતદારોનો સમાવેશ કરતી ગ્રામસભા છે.
(C) તેની સત્તાઓ કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવી છે.
(D) ગ્રામ્ય સ્તરે તેની સત્તાઓ અને કાર્યો રાજ્ય સ્તરે રાજ્ય વિધાનસભા જેવા છે.
(E) Not Attempted

126. મતદાર યાદીમાંથી નામ કમી કરવા માટે કયું ફોર્મ ભરવાનું હોય છે ?

(A) ફોર્મ-5
(B) ફોર્મ-7
(C) ફોર્મ-9
(D) ફોર્મ-2
(E) Not Attempted

127. અકીક ઉદ્યોગ માટે ગુજરાતનું કયું નગર પ્રસિધ્ધ છે ?

(A) સુરત
(B) ખંભાત
(C) ઘોઘા
(D) નવસારી
(E) Not Attempted

128. ટેલી માર્કેટીંગ દ્વારા ગ્રાહકોને શા માટે વાજબી ભાવે સેવા પુરી પાડી શકાય છે ?

(A) ગ્રાહકો મોટી સંખ્યામાં હોવાથી
(B) જથ્થાબંધ વેચાણ થતુ હોવાથી
(C) સેવાનો હેતુ હોવાથી
(D) મધ્યસ્થીઓ ન હોવાથી
(E) Not Attempted

129. કો-ઓપરેટીવ સોસાયટીના ડાયરેક્ટર્સ (Directors) ની સંખ્યા કેટલાથી વધવી ન જોઈએ ?

(A) 15
(B) 18
(C) 20
(D) 21
(E) Not Attempted

130. શરૂની બાકી : સ્થાયી મિલ્કત રૂા. 200000, દેવાદારો રૂા. 100000, લેણી હુંડી રૂા. 30000, લેણદારો રૂા. 75000, દેવી હુંડી રૂા. 25000

વર્ષ દરમ્યાન વેચેલ માલની પડતર રૂા. 400000, આખર સ્ટોક રૂા. 50000 અને ખરીદી રૂા. 420000 હોય તો મુડીની શરૂની બાકી કેટલી હોય ?

(A) રૂા. 270000
(B) રૂા. 260000
(C) રૂા. 250000
(D) રૂા. 240000
(E) Not Attempted

131. એક મશીન પર ઘસારો ગણવા માટે સરખા હપ્તાની પધ્ધતિ ધ્યાને લેવામાં આવે છે આ મશીન પર 5 (પાંચ) માં વર્ષનો ઘસારો ગણતી વખતે કઈ કિંમત ધ્યાને લેવામાં આવશે ?

(A) પડતર કિંમત
(B) ચોપડે કિંમત
(C) ચોથા વર્ષનો ઘસારો પડતર કિંમતમાંથી બાદ કર્યા પછીની કિંમત
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(E) Not Attempted

132. વૈજ્ઞાનિક સંચાલનના પિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) એફ. ડબલ્યુ. ટેલર (F. W. Taylor)
(B) પીટર ડ્રુકર (Peter Drucker)
(C) રોબર્ટ હોવન (Robert Hovan)
(D) એડમ સ્મિથ (Adam Smith)
(E) Not Attempted

133. કુદરતી સંપત્તિમાં તૃષ્ટીગુણનો ઉમેરો કરી ઉત્પાદન કરવું એટલે શું ?

(A) વેપાર

(B) સામાજિક સેવાઓ

(C) વાણિજ્ય

(D) ઉદ્યોગ

(E) Not Attempted

134. 'સ્વાર્થ પૂરો થતાં સંબંધ ન રાખવાની વૃત્તિ' – એવો અર્થ દર્શાવતી કહેવત જણાવો.

(A) ગરજ સરી એટલે વૈદ વેરી

(B) ઘરકી મુરઘી દાલ બરાબર

(C) એકડા વગરના મીંડાં થયાં

(D) ખાતર પર દિવેલ

(E) Not Attempted

135. ક્રિકેટમાં ભારતે સૌપ્રથમ વિશ્વ કપ ક્યારે જીત્યો હતો ?

(A) 1983

(B) 1975

(C) 1979

(D) 1991-92

(E) Not Attempted

136. 'ગીતા રહસ્ય' નામનો ગ્રંથ કયા ક્રાંતિકારી નેતાએ લખ્યો છે ?

(A) ગાંધીજી

(B) લોકમાન્ય ટિળક

(C) દાદાભાઈ નવરોજી

(D) જવાહરલાલ નહેરૂ

(E) Not Attempted

137. પંચાયતના વૈધાનિક ઓડીટર તરીકે નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની નિમણુંક કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) નાણાં વિભાગ

(B) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ ગ્રામ્ય વિકાસ વિભાગ

(C) કાયદા વિભાગ

(D) વૈધાનિક બાબતોનો વિભાગ

(E) Not Attempted

138. દ્વીઅસરનો ખ્યાલ એ મૂળભૂત હિસાબી ખ્યાલ છે.

નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો દ્વિઅસરના ખ્યાલના અર્થ રજૂ કરે છે ?

1. દરેક લેનાર આપનાર પણ છે અને દરેક આપનાર લેનાર પણ છે.

2. દ્વીનોંધી નામા પધ્ધતિનો સિદ્ધાંત છે.

3. પાકા સરવૈયાનું સમીકરણ અથવા હિસાબી સમીકરણ છે.

(A) 1, 2 અને 3

(B) માત્ર 1

(C) 1 અને 2

(D) આપેલ પૈકી એકપણ નહીં.

(E) Not Attempted

139. અસંગઠીત ક્ષેત્રનાં મજુરોનાં ડેટાબેઝ માટે ભારત સરકાર દ્વારા નીચેના પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે.

(A) ઈ-મજુર પોર્ટલ

(B) ઈ-શ્રમ પોર્ટલ

(C) ઈ-વર્કર પોર્ટલ

(D) ઈ-પોર્ટર પોર્ટલ

(E) Not Attempted

140. નીચે આપેલ સંખ્યાશ્રેણીમાં બંધબેસતી ન હોય તેવી સંખ્યા જણાવો.

25, 36, 81, 121, 169, 225

(A) 36
(B) 81
(C) 169
(D) 225
(E) Not Attempted

141. કવિ નરસિંહ મહેતાનું કયું પદ ગાંધીજીને અતિપ્રિય હતું ?

(A) જાગને જાદવા...
(B) આજની ઘડી રળિયામણી...
(C) અખિલ બ્રહ્માંડમાં...
(D) વૈષ્ણવજન તો...
(E) Not Attempted

142. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ લાભાર્થીને મકાન બાંધવા માટે રાજ્ય સરકાર તરફથી કેટલા ચોરસ મીટરનો પ્લોટ વિના મૂલ્યે આપવામાં આવે છે ?

(A) 60 ચોરસ મીટર
(B) 80 ચોરસ મીટર
(C) 100 ચોરસ મીટર
(D) 120 ચોરસ મીટર
(E) Not Attempted

143. નીચે આપેલ અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણીમાં ખાલી જગ્યાએ કયા મૂળાક્ષરો આવશે ?

GH, JL, NQ, SW, YD, ____

(A) EJ
(B) FJ
(C) EL
(D) FL
(E) Not Attempted

144. ચાલુ દેવામાંથી નીચે પૈકી શેનો સમાવેશ થશે નહી ?

(A) બેંક ઓવરડ્રાફ્ટ
(B) લેણદારો
(C) લેણીહુંડી
(D) ચુકવવાનો બાકી પગાર
(E) Not Attempted

145. એક ઈજારાશાહી ઉત્પાદક માટે પોતાનો નફો મહત્તમ થાય તે માટેની જરુરી શરત કઈ છે ?

(A) બજારની સમતુલિત કિંમતે ઈજારદારે ઉત્પાદન કરવું જોઈએ.
(B) સીમાંત ખર્ચ સીમાંત આવક કરતાં વધારે હોય.
(C) સીમાંત ખર્ચ અને સીમાંત આવક સમાન થાય.
(D) સીમાંત આવક સીમાંત ખર્ચ કરતાં વધારે હોય.
(E) Not Attempted

146. સંચાલકીય હિસાબી પધ્ધતિમાં .......... બનાવવામાં આવે છે.

(A) આમનોંધ
(B) ખાતાવહી
(C) કાચું સરવૈયુ
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(E) Not Attempted

147. Tally Erp 9 માં આપણે કઈ કી નો ઉપયોગ કરી વાઉચર કેન્સલ કરી શકીએ છીએ ?

(A) Alt + X
(B) Ctrl + Shift + X
(C) Ctrl + X
(D) Shift + X
(E) Not Attempted

148. My friend _______ to _______ of his success.

(A) liked, boasts

(B) likes, boasted

(C) likes, boast

(D) likes, boasting

(E) Not Attempted

149. નીચે આપેલ જોડને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. કોપી કરવા માટેની શોર્ટ કટ કી | a. Ctrl + p |
| 2. બધા ટેક્સ્ટને એક સાથે સિલેક્ટ કરવાની શોર્ટ કટ કી | b. Ctrl + c |
| 3. અન ડુ કરવા માટેની શોર્ટ કટ કી | c. Ctrl + v |
| 4. પ્રીન્ટ આોલ કરવા માટેની શોર્ટ કટ કી | d. Ctrl + a |
| 5. પેસ્ટ કરવા માટેની શોર્ટ કટ કી | e. Ctrl + z |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d, 5 - e

(B) 1 - b, 2 - d, 3 - e, 4 - a, 5 - c

(C) 1 - b, 2 - d, 3 - c, 4 - a, 5 - e

(D) 1 - b, 2 - d, 3 - c, 4 - e, 5 - a

(E) Not Attempted

150. રૂા. 5000 પગાર ખર્ચ ચુકવેલ હતો. જેની નોંધ ઓફીસ ખર્ચ ખાતે રૂા. 5000 તરીકે કરેલ છે. જેની ભુલ સુધારણા નોંધ કઈ રીતે થશે ?

(A) પગાર ખર્ચ ખાતે ઉધાર રૂા. 5,000
તે રોકડ ખર્ચ ખાતે રૂા. 5000

(B) પગાર ખર્ચ ખાતે ઉધાર રૂા. 5,000
તે ઓફીસ ખર્ચ ખાતે રૂા. 5000

(C) પગાર ખર્ચ ખાતે ઉધાર રૂા. 5,000
તે ખરીદ ખાતે રૂા. 5000

(D) ઓફીસ ખર્ચ ખાતે ઉધાર રૂા. 5,000
તે પગાર ખર્ચ ખાતે રૂા. 5000

(E) Not Attempted